મહેસુલી કામગીરીની સમીક્ષાના માસિક, ત્રિમાસિક, છમાસિક પત્રકો તથા કલેકટરશ્રીઓની માસિક ડાયરી બાબત.

મહેસુલ તપાસણી કમિશનરશ્રીની કચેરી,
૧૧/૭, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક: મતક/પત્રક/ડાયરી/વ/૯૫/૨૦૧૬
તા. /૧૨/૨૦૧૬
૨ ૮/૧૨૦૧૭

વંચાણ: (૧) અત્રેના પરિપત્ર ક્રમાંક: મતક/મકમ/વશી/૨૪૧૬/૦૬,તા.૬/૧૧/૦૬
(૨) અત્રેના પરિપત્ર ક્રમાંક: મતક/વહટ/ડાયરી/૨૮૭/૦૭,તા.૨/૮/૦૭
(૩) અત્રેના પરિપત્ર ક્રમાંક:મતક/મકમ/ડાયરી/૧૨૨/૦૮,તા.૧/૫/૦૮
(૪) અત્રેના પરિપત્ર નંબર:મતક/ડાયરી/૬૩૧/૦૯,તા.૨૪/૯/૦૮
(૫) અત્રેના પરિપત્ર નંબર:મતક/ડાયરી/૫૨૪/૦૯,તા.૫/૫/૦૯

// પ રિ પ ત્ર //

ઉકત વંચાણ ક્રમાંક(૧)માં દર્શાવેલ પરિપત્રથી કલેકટરશ્રીની માસિક ડાયરી, પરિશિષ્ટ-એ, બી અને આર.આઇ.સી પત્રક નં. ૧ થી ૩૫ નિયત થયેલ છે. જેની માહીતી સંબંધિત માસ પછીના માસની ૧૦મી તારીખ સુધીમાં માત્ર ઇ-મેઇલથી જ dc-insp-rev@gujarat.gov.in ધ્વારા મોકલવાની સૂચના અપાયેલ તથા વંચાણ ક્રમાંક(ર)વાળા પરિપત્રથી કલેકટરશ્રીની ડાયરી તથા પત્રકો માત્ર ઇ-મેઇલથી dc-insp-rev@gujarat.gov.in તેમજ IWDMS ધ્વારા ફરજીયાતપણે મોકલવાની તેમજ IWDMS પ્રોગ્રામ પરત્વે કોઇ સ્પષ્ટતા/માર્ગદર્શનની જરૂરીયાત હોય તે પ્રોજેકટ મેનેજર (IWDMS) ટાટા કન્સલન્ટસી સર્વિસીસ લી., ગાંધીનગરનો સંપર્ક સાધવા સૂચના અપાયેલ હતી. જયારે વંચાણ ક્રમાંક(3)વાળા પરિપત્રથી

કલેકટરશ્રીની ડાયરી તથા પત્રકો માત્ર ઇ-મેઇલથી dc-insp-rev@gujarat.gov.in તેમજ IWDMS ધ્વારા મોકલવા સંદર્ભે ડાયરીના પત્રકોમાં આંકડાકીય થતી ભૂલો નિવારવા અંગે સમજુતિ આપવામાં આવેલ છે.

વંચાણ ક્રમાંક(૪)વાળા પરિપત્રથી ડાયરીના માસિક પત્રકો નંબર- ૧થી ૩૪ પત્રકોમાં આંશિક સુધારો કરવામાં આવેલ અને પુનઃ માસિક પત્રકો ૧૦ મી તારીખ સુધી માત્ર ઇ-મેઇલથી dc-insp-rev@gujarat.gov.in ઉપર જ મોકલવા સૂચના આપેલ હતી.

બાદમાં વંચાણ ક્રમાંકઃ(૫)થી મહેસુલ કામગીરીના સમીક્ષાના પત્રકોની માહિતી Taluka Enabled Automated Monitoring " TEAM " પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રી કરવા માહે એપ્રિલ- ૨૦૦૯ થી ૧ થી ૩૪ પૈકી લાગુ પડતા પત્રકો કરવા સુચના આપવામાં આવેલ તેમ છતાં IWDMS અને " TEAM " પ્રોગ્રામ મુજબ અમલ કરવામાં આવેલ નથી.

સરકારશ્રીના મહેસુલ વિભાગની કામગીરીના અગત્યના મુદ્દાઓની માહિતી એકઠી કરવાના કામે માસિક ધોરણે માહીતીના પત્રકો ઇ-મેઇલથી કલેકટરશ્રી ડાયરી અને પત્રકનં. ૧ થી ૩૫ ની આંકડાકીય માહીતી હાલમાં મોકલવાની પ્રથા અમલમાં છે.

પત્રકોમાં સુધારા-વધારો કે રદ કરવાના તેમજ કેટલાક નવા પત્રક ઉમેરવાના થાય છે. અનુભવે જણાયું છે કે, મહદઅંશે મુદતી પત્રકોની માહિતી આ કચેરીને સમયસર મોકલવામાં આવતી નથી તેમજ વળી અવાર નવાર ઇ-મેઇલ તેમજ ટેલીફોન ધ્વારા માહીતી મોકલવા સુચના આપવા છતાં નિયત તારીખ સુધીમાં મળતી નથી તેમજ ઘણાખરા જિલ્લાઓ તરફથી મળતી માહીતીમાં ધણી આંકડાકીય વિસંગતતા માલુમ પડેલ છે જેના પરિણામે મહેસુલી કામગીરીનું સાચું ચિત્ર જાણી શકાતું નથી.